જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૪/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી:- સમાચાર યાદી નં.૬૭૩/૧૭

### સરદારનગર પોલીસ સ્ટેશન

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ પી.જે ખરસાણ તથા કે.એમ ચૌધરી તથા પોકો. કરણસિંહ કનુસિંહ તથા પોકો. વદેસિંહ જુઠાજી બનં-૪૧૬૪ તથા પોકો. સુરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ બનં-૯૫૫૮ તથા પોકો. કપિલકુમાર કાંતિભાઇ બનં-૨૦૧૮ તથા પોકો. ક્રિપાલસિંહ અનવરસિંહ બનં-૨૭૯૨ તથા પોકો. જીતેન્દ્રકુમાર અળખાભાઇ બનં-૨૫૪૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાનમા ચાચર ચોક ડી વોર્ડ કુબેરનગર ખાતે આવતા પો.સ.ઇ કે.એમ ચૌધરીને બાતમી હકિકત મળેલ કે એક ઓટોરીક્ષા નં-જીજે-૧-સી.વાય-૩૩૭૮ માં તેનો ચાલક કેટલોક પરપ્રાંતીય ઇંગ્લીશ દારુનો જથ્થો ભરી લાવી અત્રે થઇ માયા સિનેમા થઇ બંગ્લા એરીયા થઇ નહેરુનગર તરફ જવાની છે જે આધારે બે પચોના માણસો સાથે વોચમા હાજર રહી ગાડી આવવા દઇ સદરી રીક્ષાને નજીક આવવા દઇ લાકડીથી ઇશારો કરી રોકવાનો પ્રયત્ન કરતા સદરી રીક્ષાનો ચાલક પોતાની ઓટોરીક્ષા સર્પાકારે ચલાવી લઇ ભગાડી જતા અમો તથા સ્ટાફના માણસોએ સદરી રીક્ષાનો ખાનગી વાહનોમાં બેસી પીછો કરતા સદરી રીક્ષાના ચાલકે પોતાની રીક્ષા બંગ્લા એરીયા પોસ્ટ ઓફિસ આગળ જાહેર રોડ પર ઉભી કરી ચાલક અંધારાનો લાભ લઇ ગલીખાંચામાં ભાગી ગયેલ જે રીક્ષામા જોતા પરપ્રાંતનો ઇંગ્લીશ દારુ ની કુલ્લે બોટલ નંગ-૪૫ તથા બિયરના ટીન નંગ-૪૮ સાથે મળી કુલ્લે કિ.રુ.૩૪,૮૦૦/- તથા સદર ઓટોરીક્ષા નં-જીજે-૧-સી.વાય-૩૩૭૮ જેનો એન્જીન નંબર જોતા 24MBOKO9554 તથા ચેચીસ નં-MD2AA24220WK92568 નો લખેલ છે જે ઓટોરીક્ષાની કિ.રુ.૬૦,૦૦૦/- ગણી કુલ્લે કિ.રુ.૯૪,૮૦૦/મળી આવતા સદરી બન્ને ઇસમો વિરૂધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વટવા પોલીસ સ્ટેશન</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :- પીસીબી/ડીટીએન/પાસા/૨૦૬/૨૦૧૭ તા.30/03/૨૦૧૭ ના પાસા અટકાયતી આરોપણ બાઈ નામે સરોજબેન વા/ઓ ટીનાભાઈ વસંતભાઈ જાતે-ચુનારા ઉવ.૪૦ રહે. મોટો ચુનારાવાસ મોટી દરગાહની પાછળ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં આરોપણ બાઈ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તારીખ.3૧/03/૧૭ ના કલાક ૨૦/30 વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

**<u>ઝોન-૪ સ્કોડ</u>**

આજરોજ તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ ના.પો.કમિ.શ્રી.ઝોન-૪ સાહેબની સુચનાથી નાસતા-ફરતા તથા વોન્ટેડ આરોપી પકડવાના હોય જેથી ઝોન-૪ સ્કોર્ડનાં માણસોએ નરોડા પોલીસ સ્ટેશન સ્ટેડા એંટ્રી નં ૨/૨૦૧૭ સીઆરપીસી કલમ ૪૧ (૧) એ મુજબનાં કામે ઝોન-૪ સ્કોડ્ના હે.કોંન્સ.પ્રવિણસિંહ ઇન્દ્રસિંહ બ.નં ૯૧૧૬ નાઓએ પો.કો.નરેન્દ્રભાઇ ડાહ્યાભાઇ બ.નં ૩૬૪૯ નાઓની બાતમી હકીકત આધારે નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૭૮/૨૦૧૭ ઇપીકો કલમ ૧૪૩, ૧૪૭.૪૩૫.૧૮૬ મુજબનાં ગુનાના કામના આરોપી મનીષભાઇ સ/ઓ શ્યામસુંદર જાતે વ્યાસ ઉવ.૪૦ રહેવસી.મ.ન.એસ/૧૯ સુમતીનાથ સોસાયટી ન્યુ નોબલ સ્કુલની બાજુમાં કઠવાડા રોડ અમદાવાદ નાઓને આજરોજ તા.૦૧/૦૪/૨૦૧૭ નાં કલાક ૦૨/૩૦ વાગે. નાના ચીલોડા સર્કલ પાસેથી પકડી અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. જે પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી સાબરમતી વિસ્તારમાં સુરક્ષા અંતર્ગત માહીતી આપવામાં આવી હતી.**





નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)